सत्यमेव जयते

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| કેસ પ્રાપ્તિ તારીખ : | | | | ૦૧/૧૨/૨૦૨૫ | | |
| કેસ દાખલ તારીખ : | | | | ૦૧/૧૨/૨૦૨૫ | | |
| કેસ નિર્ણિત તારીખ : | | | | ૦૫/૦૫/૨૦૨૬ | | |
| અવધિ | **૦૦** | વર્ષ | **૦૫** | માસ | **૦૪** | દિવસ |

**<u>એડી. જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની અદાલત સમક્ષ, મું. જંબુસર.</u>**

**<u>ફોજદારી કેસ નં. ૧૭૯૬/૨૦૨૫</u>**

**આંક :–**

**શ્રી સરકાર**
( જંબુસર પોલીસ સ્ટેશન ગુન્હા
રજીસ્ટર નંબર : ૧૧૧૯૯૦૨૭૨ ૫૦૪૭૪ /૨૦૨૫) **<u>– ફરિયાદી.</u>**

**<u>વિરૂધ્ધ.</u>**

**તસ્લીમ ઉર્ફે સુલતાન સિકંદર શેખ ,**
ઉ.વ.આ. પુખ્ત, ધંધો–મજુરી,
રહેવાસી : જંબુસર , તા. જંબુસર, જિ. ભરૂચ. **<u>– આરોપી.</u>**

**<u>આરોપ :–</u>** <u>નશાબંધી અધિનિયમની કલમ–૬૫( ઈ ) મુજબ.</u>

---

ફરિયાદ પક્ષ તરફે :– વિ.એ.પી.પી.શ્રી હેમંત ચૌહાણ
આરોપી તરફે :– વિ.વકીલશ્રી વાય.જી.મલેક

---

## –:: ચૂકાદો ::–

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા. ૦૯/૦૮/૨૦૨૫ ના રોજ મોજે જંબુસર, અજમેરી નગરી પાસે આરોપી ગે.કા.નો વગર પાસ પરમીટનો તાડી ૨ લિટર કિ. રૂા. ૪૦/– નો બે પોટલી તાડી વેચાણ કરવાના ઈરાદે રાખી, પોલીસ પંચોની રેઈડ દરમિયાન પકડાઈ જઈ ગુન્હો કરેલ છે.

(૨) સદરહુ ગુન્હાની ફરિયાદ ફરિયાદીએ વેડચ પોલીસ સ્ટેશનમાં આપતા, નશાબં ધી અધિનિયમની કલમ–૬૫(ઈ) મુજબનો ગુન્હો દાખલ થયેલ અને તપાસ કરનાર અમલદારે તપાસ દરમિયાન લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ, તપાસના અં તે આરોપી વિરૂધ્ધ ઉપરોકત ગુન્હાનું ચાર્જશીટ અદાલતમાં રજૂ કરેલ છે.

(૩) આ કામના આરોપીને ધોરણસર સમન્સ બજી જતા, તે અન્વયે તેઓ અત્રેની અદાલતમાં ઉપસ્થિત થતા, તેઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૦ મુજબ પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડવામાં આવેલી. ત્યારબાદ આરોપી વિરૂધ્ધ આં ક–૩ થી તહોમતનામું ફરમાવી આંક–૪ થી આરોપીનું નિવેદન નોંધવામાં આવતા, આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરતા, આરોપી સામેના ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ અને ફરિયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ.

(૪) સદરહુ ગુન્હાઓનાં આક્ષેપો સાબિત કરવા માટે ફરિયાદ પક્ષ ધ્વારા નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

### મૌખિક તથા દસ્તાવેજી પુરાવો :–

| ક્રમ | સાહેદ | આંક |
|---|---|---|
| (૧) | પંચ ગુલામ અહમદ મલેક | ૬ |
| (૨) | પંચનામાની ખરીનકલ | ૭ |

(૫) ફરિયાદ પક્ષ તરફથી ઉપર પ્રમાણેનો મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ છે અને વિ.એ.પી.પી.શ્રીએ પુરાવો પુરો થયાનું મૌખિક વિનંતીથી જણાવેલ

છે. રજૂ થયેલ પુરાવાના આધારે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવાલાયક પુરતો પુરાવો ન હોય વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૬) ત્યારબાદ ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી અને આરોપી તરફે વિ.વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળી.

(૭) ફરિયાદ પક્ષે રજૂ થયેલ પ્રસ્તુત પુરાવા ઉપરથી આ ફરિયાદના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબનાં મુદાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા. ૦૯/૦૮/૨૦૨૫ ના રોજ મોજે જંબુસર, અજમેરી નગરી પાસે આરોપી ગે.કા.નો વગર પાસ પરમીટનો તાડી ૨ લિટર કિ. રૂા. ૪૦ /– નો બે પોટલી તાડી વેચાણ કરવાના ઈરાદે રાખી, પોલીસ પંચોની રેઈડ દરમિયાન પકડાઈ જઈ, નશાબંધી અધિનિયમની કલમ–૬૫( ઈ) મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદાઓ પરત્વે મારા નિર્ણય નીચે જણાવેલ કારણસર નીચે મુજબ છે.

મુદા નં.(૧) : **નકારમાં.**

મુદા નં.(૨) : આખરી હુકમ મુજબ.

**–:: કા ર ણો ::–**

**મુદા નં.૧ :**

(૯) ફરિયાદ પક્ષે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા વંચાણે લેવામાં આવે તો ફરિયાદ પક્ષ તરફે રેઈડ કરી મુદામાલ કબજે કર્યાના પંચનામાના પંચ ગુલામ અહમદ મલેક ને આંક– ૬ થી તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, પોલીસે એક તૈયાર પંચનામામાં સહી કરવાનું કહેતા સહી કરી આપેલ, પંચનામાની વિગત અંગે તેઓ કાંઈ જાણતા નથી. તેમની હાજરીમાં કોઈ પંચનામું કરેલ હોય તેવું

બનેલ નથી. પંચનામું આંક– ૭ થી રજુ કરી તેમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. સદરહુ પંચ સાહેદ ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપતા ન હોય વિ.એ.પી.પી.શ્રી દ્વારા ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરવા છતાં પંચનામાની હકીકતનો ઈન્કાર કરેલ છે. બચાવ પક્ષે કરાયેલી ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે તૈયાર પંચનામામાં સહી કરાવેલી. જેથી સદરહુ પંચ સાહેદના પુરાવાથી આંક– ૭ ના રેઈડ કરી મુદામાલ કબજે કર્યાના પંચનામાની હકીકત પુરવાર થતી નથી. આમ, રેઈડ વખતે ફરિયાદી અને પોલીસ સાહેદો સાથે સ્વતંત્ર સાહેદ એવા પંચ સાહેદો હાજર હોવા છતાં સદરહુ પંચ ફરિયાદ પક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપેલ નથી તેવા સંજોગોમાં પંચોની હાજરીમાં રેઈડ કરી મુદામાલ કબજે કરવામાં આવેલ હોય તે હકીકતમાં વિશ્ર્વસનીયતા જણાય આવતી નથી.

વધુમાં આ કામે ફરિયાદી તથા અન્ય સાહેદોને સમન્સ કરવા છતાં હાજર રહેલ ન હોય તેઓનો પુરાવો રેકર્ડ થઈ શકેલ નથી. તેમજ વિ.એ.પી.પી.શ્રીએ પુરાવો પુરો થયાનું મૌખિક રીતે જાહેર કરેલ છે. જેથી ફરિયાદ પક્ષે અન્ય કોઈ પુરાવો રજુ થયેલ નથી. વધુમાં બનાવવાળી જગ્યાએથી સ્વતંત્ર એવા સાક્ષી મળી આવે તેવી શકયતા હોવા છતાં ફરિયાદીએ તેવા ઈસમોની હાજરીમાં રેઈડ કરેલ નથી કે તપાસનીશ અધિકારીએ તેવા ઈસમોના નિવેદન નોંધેલ નથી કે તેવા ઈસમોને સાક્ષી તરીકે ફરિયાદ પક્ષે તપાસેલ નથી. આમ, તપાસનીશ અધિકારીએ કરવી જોઈતી તપાસ કરેલી નથી. મહત્વના એવા પંચ સાહેદે આંક– ૭ ના રેઈડ કરી સ્થળ પરથી મુદામાલ કબજે કર્યાના પંચનામાને લેશમાત્ર સમર્થન આપતા નથી. વધુમાં બનાવવાળા સ્થળની માલીકી હાલના આરોપીની હોવા સંબંધે કોઈ પુરાવો રજુ થયેલ નથી. જેથી આ કામે જે મુદામાલ કબજે લેવામાં આવેલ છે તે આરોપીના પ્રત્યક્ષ કબજા ભોગવટાનો અને તેમના કબજામાંથી મળી આવ્યા અંગે શંકા ઉત્પન્ન થાય છે. તે સિવાય આ કામે અન્ય કોઈ પુરાવો ફરિયાદ પક્ષે રજુ થયેલ નથી. આમ, રેકર્ડ ઉપર જે પુરાવો પડેલ છે તે પુરાવાથી ફરિયાદ પક્ષ આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોય અને રજૂ થયેલા પુરાવાથી આરોપીની સંડોવણી અંગે શંકા ઉત્પન્ન થતી હોય તેનો લાભ આરોપીને મળવાપાત્ર બને છે. જેથી **મુદા નં.૧** નો જવાબ **નકારમાં** આપી **મુદા નં.ર** અન્વયે નીચે મુજબનો **આખરી હુકમ** કરવામાં આવે છે.

**-:: આખરી હુકમ ::-**

(૧) આ કામના આરોપી **તસ્લીમ ઉર્ફે સુલતાન સિકંદર શેખ,** ઉ.વ.આ. પુખ્ત, ધંધો-મજુરી, રહેવાસી : જંબુસર, તા. જંબુસર, જિ. ભરૂચને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ- ૨૭૮ અન્વયે નશાબંધી અધિનિયમની કલમ-૬૫(ઇ) મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે આંક-૨ ની મુદામાલ પાવતીની વિગતે કબજે લેવાયેલ મુદામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

(૩) આ કામના આરોપીના જામીનખત અને જાત મુચરકા રદ કરવામાં આવે છે અને આરોપીએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ- ૪૮૧ મુજબ રૂા.૨૫,૦૦૦/- (અંકે રૂપિયા પચીસ હજાર પુરા) ના જાત જામીન અને જાત મુચરકા રજૂ કરવા, અગર તો જામીન તરીકે ચાલુ રહેવા પુરસીસ રજૂ કરવી.

આ હુકમ આજ તારીખ <u>**૦૫ મી**</u> માહે <u>**મે**</u>, સને <u>**૨૦૨૬**</u> ના રોજ મારી સહી કરી, ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : જંબુસર
તારીખ : ૦૫/૦૫/૨૦૨૬.

**(નિલેશકુમાર આર. સોલંકી)**
એડી. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
જંબુસર
(GJ-01432)